જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૦/૩/૨૦૧૪ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૬૯૧/૧૪**

**ક્રાઇમ બ્રાન્ચ :-**

**(૧)**

અમદાવાદ શહેરમાં બનેલ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુક્લા તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી નાઓ દ્વારા ક્રાઇમ બ્રાન્ચનાઓએ આપેલ સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણ નાઓ પોતાની ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન નરોડા રોડ મેમ્કો ચાર રસ્તા રોડ ઉપર આવતા સાથેના HC અજયકુમાર જાબરમલ તથા HC રેવાભાઇ પરમાભાઇ નાઓએ આપેલ બાતમી હકિકત આધારે (૧) પ્રમોદસિંગ ઉર્ફે બલ્લુસિંગ શોભરનસિંગ પરિહાર ઉ.વ.૪૦ રહે.કુંભાજીની ચાલી હનુમાનનગર રવિન્દ્રસિંગના મકાનમાં રામેશ્વર અમદાવાદ શહેર તથા નં.(૨) વિરપાલ ઉર્ફે બબલુ ઉર્ફે રામુ ઉર્ફે રમેશ S/o શંભુદયાલ સકસેના ઉ.વ.૩૨ રહે.નેહરુનગર પહાડીવાલી ગલી હિરાબેનના મકાનની બાજુમાં કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર નં.(૩) અજય ભોજરાજસિંગ જાડેજા ઉ.વ.૨૮ રહે.ભમરીયા કુવા પાસે રંગોલીનગરની બાજુમાં લાંભા રોડ વટવા અમદાવાદ શહેરનાઓને તા.૦૯/૦૩/૨૦૧૪ ના રોજ **નરોડા રોડ મેમ્કો ચાર રસ્તા** પાસેથી પકડી સીઆરપીસી કલમ ૪૧(૧)એ મુજબ અટક કરેલ છે.

સદરી ત્રણેય આરોપીઓની ધનિષ્ઠ પુછપરછ દરમ્યાંન મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેઓએ તથા હાકિમ કાળીયાએ આજથી એકાદ મહિના પહેલા ચુવાળનગર માં એક બંધ મકાનમાં તાળુ તોડી તેમાંથી રોકડ રકમ તથા સોના ચાંદીના દાગીના મળી કુલ્લે રુ.૧,૭૦,૦૦૦/ ની ચોરી કરેલ હતી.જે ગુનાની કબુલાત કરેલ છે અને તે બાબતે મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુ.ર.નં.૧૪/૨૦૧૪ ઇપીકો કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ છે.ઉપરોક્ત આરોપીઓ પૈકી અજય ભોજરાજસિંગ જાડેજા તથા વિરપાલ ઉર્ફે બબલુ ઉર્ફે રામુ ઉર્ફે રમેશ S/o શંભુદયાલ સકસેના નાઓ અગાઉ અમદાવાદ શહેરના અનેક પોલીસ સ્ટેશનોમાં અસંખ્ય ઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ છે.તેમજ બંન્ને વિરુધ્ધમાં પાસા અટકાયત હેઠળ પગલા લેવામાં આવેલ છે.અને હાલમાં વિરપાલ ઉર્ફે બબલુ ઉર્ફે રામુ ઉર્ફે રમેશ S/o શંભુદયાલ સકસેના પોતાની પાસા અટકાયત ટાળવા સારુ નાસતો ફરતો હતો. આરોપીઓની સઘન પુછપરછ ચાલુ છે.

**<u>(૨)</u>**

ડી.સી.બી. પો. સ્ટે. સ્ટે.ડા.એન્ટી.નં.૧૦/૧૪ તા.૦૯/૦૩/૨૦૧૪ સી.આર.પી.સી. કલમઃ- ૪૧(૧) એ મુજબનાં કામનાં આરોપી રાજુ દેવજીભાઇ જાતે ચાવડા ઉ.વ.૨૩ રહે, ઘર નં.૪૪૯, કૃષ્ણનગરની ચાલી, રામાપીરનો ટેકરો નવા વાડજ અમદાવાદ શહેર નાને તા.૦૯/૦૩/૧૪ ના કલાક ૧૯/૧૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે. જે આરોપી નરોડા પોલીસ સ્ટેશનમાં એક એકટીવાની ડેકીમાંથી ત્રણ મોબાઇલ ફોન તથા રોકડાની ચોરી કરેલ ગુન્હામાં વોન્ટેડ હોય, જેને શોધી અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.